### ભગવાનની રક્ષાપેટી થકી અનોખો સેવા યજ્ઞ

# ખંડિત ફોટોફ્રેમમાંથી બનાવાય છે ખાતર ને મૂર્તિઓમાંથી ફ્લાવર્સ પોટ

**આપણને ઘણી વખત પીપળ કે વડના ઝાડ નીચે રઝળતી હાલતમાં દેવી-દેવતાઓની ખંડિત મૂર્તિઓ અને ફોટા જોવા મળતા હોય છે. સારા પ્રસંગો પર લોકો ભગવાનને મૂર્તિ અને ફોટા સ્વરૂપમાં ઘરે લઈ આવે છે પણ જ્યારે તે મૂર્તિ ખંડિત થાય ત્યારે તેને ઝાડ નીચે મૂકી દેતાં હોય અથવા કચરામાં ફોટા જવા દેતાં હોય છે. સુરતનો 26 વર્ષનો યુવક યશ પટેલ ગૌ સેવા કરતો ત્યારે તેને આ રીતે મૂર્તિઓ અને ફોટા જોવા મળતા તેણે આવી મૂર્તિઓનું કઈ રીતે પ્રોપર રીતે વિસર્જન કરી શકાય તેના પર મનોમંથન કર્યું અને પછી એણે જે કર્યું તેની આજે સુરતના લોકો તારિફોના પુલ બાંધી રહ્યા છે. તેણે મિત્રો, પરિવાર, રિલેટિવ્ઝ સાથે મળીને જે કર્યું તેના કારણે સુરતના કેટલાંક વૃક્ષોને પોષણ મળ્યું, કેટલાંક ફૂલછોડ મહોરી ઉઠ્યા. આ યુવાને બીજા યુવાઓ અને સુરતના કેટલાંક સેવાભાવી લોકો સાથે ભેગા મળી આવી મૂર્તિઓ અને ફોટોફ્રેમના કલેકશન માટે રક્ષાપેટી બનાવી અને આ મૂર્તિઓ, ફોટોફ્રેમનું શું કર્યું ચાલો જાણીએ...**

CREATIVE માઈન્ડ્સ






## ભગવાનની રક્ષાપેટીની સ્થાપના કરવાની આ રીતે મળી પ્રેરણા




26 વર્ષના યશ પટેલ બેંકમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે ગાયો, કૂતરા અને પક્ષીઓને ખવડાવવું મને ગમે છે. પશુ-પક્ષીઓ માટેની સેવા દરમ્યાન મેં જોયું કે લોકો સારા કામ માટે ભગવાનની મૂર્તિ અને ભગવાનના ફોટોવાળી ફોટોફ્રેમ ઘરે લઈ આવે છે પણ તે જ્યારે ખંડિત થાય ત્યારે પીપળા કે વડના ઝાડ નીચે મૂકી દેતા હોય છે. કોઈક લોકો તો કચરામાં તે મૂકી દેતાં હોય. ભગવાનના ફોટા અને મૂર્તિઓનું ઉપયોગી બને તે રીતે વિસર્જન થાય તેવા ઉદ્દેશ્યથી ભગવાનની રક્ષાપેટીની સ્થાપના કરવાની પ્રેરણા મળી. માટીની મૂર્તિ હોય તો લોકો તે જમીનમાં ડાટી દેતાં હોય પણ લાકડા અને પ્લાસ્ટિકની હોય તો ઝાડ નીચે મૂકી દે એવું થતું હોય છે. જ્યારે આ પેટી મૂર્તિ અને ફોટોફ્રેમથી ફૂલ થઈ જાય એટલે અમે અને કેટલાંક સેવાભાવી લોકો આ મૂર્તિઓને પેટીમાંથી બહાર કાઢી કોઈને દોષ ન લાગે એ હેતુથી બ્રાહ્મણ પાસે એકથી દોઢ કલાકની વૈદિક વિધિ કરાવીને પછી વિસર્જન કરીએ છીએ. અમે મિત્રવર્તુળ અને રિલેટિવ્ઝ તથા અમારી સાથે સેવાભાવથી જોડાયા છે એવા 30 જેટલાં લોકોએ ભેગા થઈને આ કામ માટે એક ટ્રસ્ટ ઉભું કર્યું છે.

## પ્લાસ્ટિકની ખંડિત ફોટોફ્રેમ અને મૂર્તિમાંથી ફૂલછોડ માટેના કુંડા બનાવ્યા



યશ પટેલે જણાવ્યું કે ભગવાનની રક્ષાપેટીમાં 99 ટકા લાકડા અને પ્લાસ્ટિકની ભગવાનની ખંડિત ફોટોફ્રેમ અને મૂર્તિ એકત્રિત થાય છે. પ્લાસ્ટિકને પણ અમે ગ્રાઈન્ડ કરવા ભરૂચની ફેક્ટરીમાં મોકલ્યું હતું. તેના પથ્થર જેવા નાના નાના ટુકડા ગ્રાઈન્ડરમાંથી બહાર આવે જેને ઓગાળી પ્લાસ્ટીકના કુંડા બનાવવામાં આવે છે. આવા 15 થી 20 જેટલા કુંડા બનાવી અમે ત્યાંના એક બે મંદિરમાં આપ્યા હતાં.

## ભગવાનની રક્ષાપેટીમાં 15 હજાર ખંડિત મૂર્તિઓ અને ફોટોફ્રેમ એકત્રિત કરાયા




પાલમાં સ્થિત ૐ તાપ્તિ કુબેરેશ્વર મંદિરના પ્રાંગણમાં 26-2-2025 મહાશિવરાત્રીએ ફ્રેન્ડસ અને રિલેટિવ્ઝના સહયોગથી પતરાની ભગવાનની રક્ષા પેટીની સ્થાપના યશ પટેલ દ્વારા કરવામાં આવી. આ પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત 8 મહિનામાં લગભગ 15000 જેટલી ભગવાનની ખંડિત મૂર્તિઓ અને ફોટોફ્રેમ એકત્રિત થયા. આ પેટી પતરાની છે તેને બનાવવા માટે 30 હજાર રૂ. જેટલો ખર્ચ થયો હતો. તે પૈસા મિત્રો, સગા સંબંધી અને લોકો તરફથી ડોનેશનમાં મળ્યા હતાં. 18 મૂર્તિ અને ફોટોફ્રેમ સમાવવાની આ પેટીની ક્ષમતા છે. લોકો પેટીની બહાર પણ મૂર્તિઓ અને ફોટોફ્રેમ મૂકી જાય છે. મૂર્તિ, ફોટોફ્રેમ ઉપરાંત ફૂલહાર અને ભગવાનના વસ્ત્રો પણ લોકો મૂકી જાય છે. ફુલહારમાંથી ખાતર પણ બનાવાય છે.



## ભગવાનની ફોટોફ્રેમમાંથી 70થી 80 કિલો ખાતર બનાવ્યું



યશ પટેલે જણાવ્યું કે ભગવાનની રક્ષાપેટીમાં એકત્રિત થતા ભગવાનની ખંડિત થયેલી લાકડાની ફોટોફ્રેમમાંથી અમે ફોટો કાઢી લઈએ અને તે ફ્રેમને અમે ભરૂચની એક ફેક્ટરીમાં ભુક્કો કરવા મોકલીએ. ગ્રાઈન્ડ કરતાં લાકડાનો જે ભુક્કો થાય તે સુરત લાવીએ અને અમારી માસમામાં એક ગૌશાળા છે તેનું છાણ સુકવીએ અને તેનો પાઉડર કરીએ પછી લાકડાનો ભુક્કો અને છાણના પાઉડરને મિક્સ કરી ખાતર બનાવીએ. આ રીતે અમે 70થી 80 કિલો ખાતર બનાવ્યું છે. આ ખાતરમાં અમે જ્યાં પણ ગૌ સેવા માટે જઈએ ત્યાં ઝાડ હોય ત્યાં ખાડો ખોદીને ખાતર નાખીએ પછી ખાડો પુરી દઈએ.

## જે મૂર્તિઓનું રિસાયકલિંગ નથી થઈ શકતું તેનું મધદરિયે વિસર્જન

99 ટકા મૂર્તિઓ અને ફોટોફ્રેમનું રિસાયકલિંગ થઈ જાય છે પણ જે મૂર્તિઓનું રિસાયકલિંગ થઈ શકે તેમ નહીં હોય તેનું મધદરિયે વિસર્જન કરાય છે. આવી મૂર્તિઓ અમે બોટવાળાના હાથમાં આપીએ અને પછી તેઓ મૂર્તિઓની વિસર્જન પ્રક્રિયા કરે છે. યશ પટેલે જણાવ્યું કે હું કોરોના કાળથી અડાજણ વિસ્તારની નાની મોટી ગૌશાળામાં જઈને ગાયોને ઘાસચારો ખવડાવું છું. મારી સાથે બીજા લોકો પણ જોડાયા છે. હું મહિને મારા અને ફેમિલીના 5થી 10 હજાર રૂપિયા ઘાસચારા માટે કાઢું અને મિત્રો, રિલેટિવ્ઝ તથા બીજા લોકો ડોનેશન આપે છે.

## વોટ્સએપ ગ્રુપ, પેમ્ફ્લેટ અને બેનરના માધ્યમથી લોકોને રક્ષાપેટીની જાણ કરાઈ

યશ પટેલે જણાવ્યું કે આ રક્ષાપેટી વિશે લોકોને જાણ થાય તે માટે અમે વોટ્સએપ પ્લેટફોર્મનો સહારો લીધો અને વોટ્સએપ ગ્રુપ બનાવ્યા. અડાજણમાં કેટલાક મંદિરોમાં આ રક્ષા પેટીની બાબતના બેનર લગાવ્યા અને પેમ્ફ્લેટ વહેંચ્યા. આ રીતે લોકોમાં મૂર્તિ અને ફોટા બાબતમાં અવેરનેસ ઉભી કરી જેથી લોકો મૂર્તિ કે ફોટા ઝાડ નીચે કે બીજી કોઈ જગ્યા પર નહીં મૂકે. કાંચની મૂર્તિ આવી હતી તેને પીગળાવીને કાંચના ગ્લાસ બનાવવા બાબતમાં R & D ચાલી રહ્યું છે. ધાતુની મૂર્તિઓ હજી સુધી આવી નથી પણ તે આવશે તો તેમાંથી પણ કુંડા બનાવવાની વિચારણા ચાલી રહી છે.

---

**તમે જ્યારે તમારી ફેમિલી કે ફ્રેન્ડ્સ સાથે કોઈ કોફી હાઉસમાં જાઓ છો ત્યારે તમે ટેસ્ટી કોફીની મજા કેક, પેસ્ટ્રી કે કોઈ ડિઝર્ટની સાથે ફ્રેન્ડ્સ સાથે વાતે વળગીને લો છો પણ ત્યાં તમને સ્ટ્રેન્જર્સ એકબીજા સાથે વાતો કરતા નથી દેખાતા. જોકે, હવે આવું થઈ શકે છે. સુરતની એક ફિમેલ બરીસ્તા એક અનોખા કાફેનો કન્સેપ્ટ લઈને આવ્યા છે જ્યાં તમે સોફા પર કે પછી નીચે ગાદલા પર ઘરે બેઠા હોય એ રીતે બેસીને સ્ટ્રેન્જર્સ સાથે પ્રોફેશન, હોબી વગેરેની ચર્ચા કરી શકો છો. જાતે પોતાની કોફી બનાવી પણ શકો છો અને પી પણ શકો છો. જો તમને કોફી નથી પીવી તો ચા બનાવીને આપવામાં આવશે. જોકે, આ અનોખું કાફે રોજેરોજ નથી ખુલતું. તમને આ અનોખા કાફે વિશે જાણવાની ચટપટી થઈ રહી છે ને! આ કાફે રોજ રોજ નથી ખુલતું તો ક્યારે ખુલે છે, કેમ તેમાં અજાણ્યાઓને બોલાવવામાં આવે છે, શું આ કાફેમાં માત્ર કોફી જ મળે છે કે પછી અવનવું જાણવા અને શીખવા પણ મળે છે? મનમાં ઉદભવી રહેલા આ સવાલોના જવાબ ચાલો મેળવીએ...**

રીશ્તે



# મહિને એક વાર ઘરમાં ખૂલતું અનોખું કાફે: અપરિચિતો કરે એકમેક સાથે સોશ્યલાઇઝ...

## આ રીતે અનોખું કાફે બનાવવાનો આવ્યો વિચાર



પૂજા અગ્રવાલ ઝવેરીએ જણાવ્યું કે હું સર્ટિફાઇડ બરીસ્તા છું એટલે ઘણાં લોકોએ મને કાફે શરૂ કરવા કહ્યું હતું. વળી, અમારું ઘર મારા હસબન્ડ સૌમિલે એ રીતે બનાવ્યું છે કે આ ઘરમાં વારંવાર કોઈને પણ આવવું ગમે એટલે મને આઈડિયા આવ્યો કે અમારા ઘરને મહિનામાં એકવાર કાફેમાં કન્વર્ટ કરીશું, જેમાં અજાણ્યા લોકો એકબીજા સાથે સમય પસાર કરશે અને વિચારોનું આદાનપ્રદાન કરશે. તેઓ મારી બનાવેલી કોફી પી શકે અથવા પોતે પણ કોફી બ્રુ કરી શકશે. આ કન્સેપ્ટથી મેં કાફે સેટઅપ કરવાનું શરૂ કર્યું. અમારા આ કાફેનું મેનુ કાર્ડ પણ હું જાતે ડિઝાઈન કરીને પ્રિન્ટ કરાવું છું. લોકો મારા આ કાફે વિશે સોશિયલ મીડિયાના માધ્યમથી જાણે છે. મારા આ કાફેમાં 15 લોકોનું સીટીંગ છે. આ અનોખા કન્સેપ્ટને સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. લોકોને અહીં કોફી બ્રુઈંગમાં ઈન્ટરેસ્ટ પડતા તેઓ ડિફરન્ટ ટાઈપની કોફી બ્રુ કરતાં શીખવા લાગે છે.




## સ્ટ્રેન્જર્સ એકબીજાના થોટ્સને જાણે, પરિચિત થાય તે માટે ઘરને કાફેમાં કરાય છે કન્વર્ટ

પૂજા અગ્રવાલ ઝવેરી સર્ટિફાઈડ બરીસ્તા છે. તેઓ મહીનામાં એકવાર પોતાના ઘરને કાફેમાં કન્વર્ટ કરે છે. આવા અનોખા કાફેમાં અજાણ્યા લોકો આવે છે જે એકબીજાના પ્રોફેશનને જાણે છે, એકબીજાના વિચારોથી પરિચિત થાય છે, નવું શીખે છે અને શીખવાડે છે, નવું સાહસ કરવા પીઠબળ પૂરું પાડે છે. તમે બીજા કાફેમાં જાઓ તો ત્યાં તમારી અજાણ્યાઓ સાથે વાતો નથી થતી પણ આ કાફેમાં સ્ટ્રેન્જર્સ આવે છે અને ડિફરન્ટ ટાઈપની કોફી પીએ છે અને બ્રુઈંગ પણ કરે છે. જેમને કોફીમાં ઈન્ટરેસ્ટ ના હોય તો તેમને પૂજાબેનના હસબન્ડ સૌમિલ ઝવેરી જેઓ બહુ મોટા ચાના શોખીન છે તે જાતે ચા બનાવીને પીવડાવે છે. આ કાફેમાં ફ્રેન્ડ્સ પણ રજિસ્ટ્રેશન કરાવીને જઈ શકે છે અને ફેમિલી પણ જઈ શકે છે. જોકે, આ કાફે સેટઅપ કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્ટ્રેન્જર્સ એકબીજાના થોટ્સ જાણે, એકબીજાથી પરિચિત થાય તે છે.

## પોસ્ટ દિવાળી, પોસ્ટ કાર્ડ થીમ પર કાફે ખોલવામાં આવે છે

**આ કાફે અલગ અલગ થીમ પર ખોલવામાં આવે છે. જેમકે, હમણાં પોસ્ટ દિવાળી થીમ પર લોકોને ભેગા કરાયા હતાં. ગયા મહિને ફર્સ્ટ સપ્ટેમ્બરે વર્લ્ડ પોસ્ટ ડે હતો ત્યારે પોસ્ટ કાર્ડની થીમ રાખવામાં આવી હતી. અલગ અલગ કન્ટ્રીઝમાંથી લાવવામાં આવેલા પોસ્ટ કાર્ડ કાફેમાં જે લોકો આવ્યા હતા તેમને આપવામાં આવ્યાં હતા. લોકોએ જેમને એડ્રેસ કરીને પોસ્ટ કાર્ડ લખ્યા હતા તેમને પોસ્ટ કરવામાં આવ્યા હતાં. આવતા મહિને બાર્ટર સિસ્ટમની થીમ પર કાફે સેટઅપ કરાશે. આ કાફેમાં લોકો પોતપોતાની જે વસ્તુ લઈને આવ્યા હશે તેનું એકબીજાને આદાનપ્રદાન કરશે.**

## ઘરના કાફે સેટઅપમાં આ રિતની હોય છે સીટીંગ વ્યવસ્થા

ઘરનું ડ્રોઈંગ રૂમ અને કિચન સાથે જોડાયેલું છે. સોફા પર અને નીચે ગાદલા પાથરી બેસવાની વ્યવસ્થા કરવામાં આવે છે. ઘરમાં ઓટલા જેવું છે તેની ઉપર ગાદી મુકાય છે. ડાઈનિંગ ટેબલ પર કોફીબારનું સેટઅપ કરાય. જે લોકોને બેસીને વાતો કરવી હોય તે બેસીને વાતો કરે અને જેમને સાથે ઉભા રહીને વાતો કરવી હોય, કોફી વિશે ચર્ચા કરવી હોય તે ઉભા રહીને વાતો અને સાથે કોફી બ્રુઈંગ કરી શકે છે. જેમના બાળકોને ઘરે સાચવવાવાળું કોઈ નહીં હોય તેઓ તેમના બાળકોને લઈને આવે તો બાળકો પૂજાની ડોટર સાથે ટાઈમ સ્પેન્ડ કરી શકે છે.

---

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...**

## ક્લાઈમેટ થયું છે ચેન્જ, બદલાયો છે જમાનો, હવે તો ફટાકડા પણ ફોડવા પડે છે, લઈને છત્રીનો સહારો...




હતો એક જમાનો, શિયાળો, ઉનાળો અને ચોમાસાનો, હવે ચેન્જ થઈ ગયું છે ક્લાઈમેટ અને મજા થઈ ગઈ છે ચેકમેટ... પહેલા ફોડતા ફટાકડા હાથમાં અગરબત્તી લઈને, હવે ફોડવા પડે છે ફટાકડા હાથમાં છત્રી લઈને... દિવાળીએ હતી જે હાલત કમોસમી વરસાદની, દેવદિવાળીએ પણ એ જ છે મોસમ, પવન અને વરસાદની...